# સંશોધન નિયામકશ્રીની કચેરી
## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.

ફોન : (૦૨૮૫) ૨૬૭૦૧૩૧, ફેક્સ : (૦૨૮૫) ૨૬૭૪૦૬૪, e-mail : dr@jau.in


**અગત્યનું**

**–:: પ રિ પ ત્ર ::–**

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબયુનિટ કચેરીઓના વડાશ્રીઓને જણાવવાનું કે, કૃષિ મહોત્સવ–૨૦૧૩ અંતર્ગત જામજોધપુર (જી.જામનગર) ખાતે યોજાનાર કૃષિ મેળામાં તા.૨૫/૫/૨૦૧૩ના રોજ કૃષિ મેળા સંલગ્ન કામગીરી તથા સ્ટોલમાં ફરજ ઉપરના બે અધિકારી/કર્મચારીઓના એન્ટ્રીપાસ તૈયાર થવામાં છે. પોલીસ અધિક્ષકશ્રી, જામનગરની સુચનાનુસાર ઈસ્યુ કરેલ આ એન્ટ્રીપાસ કૃષિ મેળાનો કાર્યક્રમ પુરો થયે પરત જમા કરાવવાના છે. તેથી **એન્ટ્રીપાસ ઈસ્યુ થયેલ તમામ અધિકારી/કર્મચારી/વિદ્યાર્થી/ખેડૂત/ ગાયકવૃંદના કલાકારો/અન્યના પાસ જે તે કચેરી વડાશ્રી/સમિતીના કન્વીનરશ્રીએ પરત મેળવીને આ કચેરીમાં જમા કરાવવાની તકેદારી રાખવા સુચના આપવામાં આવે છે.**

આવા પાસનો પછીથી દુરઉપયોગ થતો હોવાનું જાણમાં આવતા ઈસ્યુ થયેલ એન્ટ્રીપાસ સરકારશ્રીની સુચના મુજબ પરત જમા કરવાની શરતે જ પોલીસ અધિક્ષકશ્રી, જામનગરએ એન્ટ્રીપાસ ઈસ્યુ કરેલ છે. એન્ટ્રીપાસ પોલીસ અધિક્ષકશ્રી, જામનગરની કચેરીમાં પરત જમા નહીં કરનારની સામે કાયદેસરના પગલા લેવાની બાબત પણ પોલીસ અધિક્ષકશ્રીએ જણાવેલ છે.

આથી તમામ કચેરી વડાશ્રી/સમિતીના કન્વીનરશ્રીઓએ તેમની કચેરીના/સમિતીના અધિકારી/કર્મચારી/ વિદ્યાર્થી/ખેડૂતો/ગાયકવૃંદના કલાકારો/અન્યના એન્ટ્રીપાસ એકત્ર કરી આ કચેરીમાં પરત જમા કરાવવાની તકેદારી રાખવા આજ્ઞાનુસાર વિનંતી છે.

સંશોધન નિયામક
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ

જા.નં.:જૂકૃયુ/સંનિ/ટેક–૫/કૃ.મ.–૧૩/2426-31 /૧૩. તા.૨૩/૦૫/૨૦૧૩.

**નકલ જયભારત સાથ રવાના ::**

૧. જૂ. કૃ. યુ.ના યુનિટ/સબયુનિટ કચેરીઓના વડાશ્રી/ તમામ સમિતીના કન્વીનરશ્રીઓ તરફ ..... જાણ તેમજ અમલ થવા સારૂ.
૨. માન. કુલપતિશ્રીના રહસ્યસચિવ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
૩. નિયામકશ્રી, આઈ.ટી. સેલ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ..... દરેકને ઈ–મેઈલ કરવા સારૂ.